R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 50 DATE: 18-12-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## વિપક્ષો સામે માની ન શકાય તેવી કોમી સ્ટોરીઓની રજુઆત કરી કોમી એક્તા ખરાબ કરવા માટેના પ્રયત્નો ચુંટણી પ્રચારમાં વેગ પકડી રહ્યા છે :શત્રુધ્નસિંહા

ફિલ્મ અભિનેતા અને ભાજપના સાંસદ શત્રુધ્નસિંહાએ ગુજરાતમાં ચુંટણી પ્રચારમાં કોમવાદ ફેલાય તે રીતે માહોલ તૈયાર કરવા માટેના પ્રયાસો સામે પોતાનો અણગમો જાહેર કરતાં કહ્યુ હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચુંટણીમાં આ પ્રકારનો સહારો ના લેવો જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કોગ્રેસ પર આક્ષેપ કરી રહ્યા છે કે કોગ્રેસ ગુજરાતમાં ભાજપને હરાવવા માટે પાકિસ્તાન સાથે સાંઠગાંઠ કરી રહી છે.આવા નિવેદન અંગે શોટગન શત્રુધ્નસિંહાએ વડાપ્રધાન પર પ્રહાર કરતાં કહ્યુ હતું કે આદરણીય સાહેબ, ગમે તેમ માત્ર ચુંટણી જીતવા માટે અને એ પણ સાવ ચુંટણી પ્રક્રિયા પુરી થવા આવ છે ત્યારે શું દરરોજ વિપક્ષો સામે નવી,ન માની શકાય તેવી, ટકી ન શકે તેવી સ્ટોરી રજુ કરવી જરરી છે ? હવે તેમને પાકિસ્તાનના હાઈ કમિશ્નર અને જનરલ સાથે જોડી દેવામાં આવી રહી છે ! અદ્ભુત ! ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીએ એક જાહેરસભામાં કોઈ પુરાવા આપ્યા વગર દાવો કર્યો હતો કે કોગ્રેસના નેતા મણિશંકર ઐયરના ઘરે તાજેતરમાં ત્રણ કલાક મીટીંગ થઈ હતી. જેમાં પાકિસ્તાનના હાઈ કમિશ્નર, તેના વિદેશ મંત્રી,ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, અને ભુતપુર્વ ઉપરાષ્ટપતિ હામીદ અંસારી હાજર હતા.સિંહાએ કહ્યુ હતું કે મોદીએ કોમવાદી માહોલ ફેલાવવાનું બંધ કરવું જોઈએ અને તંદુરસ્ત રાજનીતિ અને તંદુરસ્ત ચુંટણી તરફ જવું જોઈએ.

## ગુજરાતના ચુંટણી પ્રચારમાં વડાપ્રધાન વિકાસનો મુદ્દો ભુલી ગયા છેઃ શિવસેના

શિવસેનાએ પોતાના સહયોગી ભાજપ પર ગુજરાતમાં ચુંટણીમાં નીચલા સ્તરે ઉતરી જવાનો આરોપ લગાવતાં કહ્યુ હતું કે વડાપ્રધાન મોદીના ચુંટણીલક્ષી ભાષણોમાંથી ગુજરાતનો વિકાસ એજન્ડા જ ગુમ છે.

શિવસેનાએ કહ્યુ હતું કે વડાપ્રધાન મોદીએ દાવો કરીને ખુદનું સ્તર ઘટાડયું છે સસ્પેન્ડેડ કોગ્રેસ નેતા મણિશંકર ઐયરના તેમની વિરુધ્ધના નિવેદનથી ગુજરાતની અસ્મિતાનું અપમાન થયું છે.

શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં કહ્યુ હતું કે મોદીએ ખુદનું સ્તર ઘટાડ્યું છે.આપણે મોદી દેશ અને હિન્દુઓનું અભિમાન સમજીએ છીએ પણ હવે તેઓ ગુજરાતની અસ્મિતાની બેડીઓમાં બંધાઈ ગયા છે. ગુજરાતની ચુંટણીમાં મોદી રાષ્ટ્રીય નેતા ઓછા, પ્રાદેશિક નેતા વધુ બની ગયા છે.

સંપાદકીયમાં લખાયું હતું,ભાજપ સ્પોન્સર્ડ ચુંટણી પંચમાં ઈવીએમ કૌભાંડની ફરિયાદ કરવી વ્યર્થ છે.શિવસેનાએ કહ્યુ હતું કે ગુજરાત ચુંટણી પ્રચાર અભિયાન ચર્ચિત વિકાસ એજન્ડા પર કેન્દ્રીત હોવું જોઈતું હતું પણ ગુજરાતમાં વડાપ્રધાનના ભાષણોમાંથી વિકાસનો મુદો જ ગુમ થઈ ગયો છે.

## ભારતીય ટીમના વન-ડેના કેપ્ટન રોહિત શર્માની ત્રીજી ડબલ સેન્ચુરી

મોહાલીમાં શ્રીલંકા સાથે રમાઈ રહેલી બીજી વનડેમાં ભારતના કેપ્ટન તરીકે રમતા રોહિત શર્માએ તેની કારકીર્દીની ત્રીજી ડબલ સદી નોધાવીને એક વિક્રમ સ્થાપિત કર્યો હતો. આ પહેલા પણ તેણે શ્રીલંકા સામે પ્રથમ બેવડી સદી,ત્યારબાદ ઓસ્ટ્રેલીયા સામે અને ફરીથી શ્રીલંકા સામે બેવડી સદી નોધાવીને વિશ્વ વિક્રમ કર્યો છે.પ્રથમ વન ડેમાં ભારતની અત્યંત કંગાળ બેટીંગ બાદ થયેલ હારને કારણે સમગ્ર ટીમ ઉપર દબાણ હતું. પરંતુ બીજી વનડેમાં ભારતીય બેટ્સમેનોએ પોતાનું કૌવત બતાવીને મેચ એક તરફી કરી નાખી હતી. જો કે આ મેચમાં વિરાટ કોહલીની ગેરહાજરી નોધપાત્ર હતી.

## પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપર પાકિસ્તાનના મુદ્દે ગુજરાતની ચુંટણીમાં વડાપ્રધાન મોદી દ્વારા કરાયેલા આક્ષેપો બેબુનિયાદ ઠેરવતા મનમોહનસિંહ

ગુજરાતની એક ચુંટણી સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોગ્રેસી નેતા મણિશંકર ઐયરની સાથે સાથે ભુતપુર્વ વડાપ્રધાન,ઉપરાષ્ટ્રપતિ હામીદ અંસારી સહિતાના કેટલાક લોકો સામે કરેલા આક્ષેપો બેબુનિયાદ ઠેરવતાં મનમોહનસિંહ તેમજ કોગ્રેસના અન્ય નેતાઓએ વડાપ્રધાન મોદીની આકરી ટીકા કરી હતી.ચુંટણીમાં એકદમ નીચલા સ્તર ઉતરી જઈ બેબુનિયાદ અને સાબિતી વગરના આરોપોનો કુપ્રચાર કરી ચુંટણીમાં મત મેળવવા કરેલી સાજીસ કોગ્રેસે પણ વખોડી કાઢી છે.

ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ જણાવ્યુ હતું કે ગુજરાતમાં પરાજય ભાળી ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી રઘવાયા બની ગયા છે.તેઓ હવે ચુંટણીને ધ્યાનમાં રાખીને જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે.હુ વડાપ્રધાનને કહેવા માંગુ છું ખે તેમણે રાષ્ટ્રીયતાના પાઠ ભણવા જોઈએ.જે મીટીંગનો વડાપ્રધાન મોદી ઉલ્લેખ કરીને જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે તેમા અનેક માનનીય વ્યક્તિઓ હાજર રહી હતી. આ એક ભોજન સમારંભ હતો જેમાં કોઈ દેશ વિરોધી ચર્ચા થઈ નહોતી. તેમજ ગુજરાત ચુંટણી સંદર્ભમાં પણ કોઈ પણ પ્રકારની વાતચીત થઈ નહોતી.

ઉદમપુર હુમલા અને ગુરુદાસપુર હુમલા બાદ મોદી વગર બોલાવ્યે પાકિસ્તાન પહોચી ગયા હતા.આઈએસઆઈના સભ્યોને તપાસ માટે પઠાણકોટ એકબેઝમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા.મોદી આ અંગે ખુલાસા કરે.



કોગ્રેસના પ્રવક્તા આનંદ શર્માએ કહ્યુ હતું ક વડાપ્રધાન મોદી દ્વારા કરવામાં આવેલા આક્ષેપો એકદમ ખોટા છે. શર્માએ વધુમાં કહ્યુ હતું કે પાકિસ્તાનના પુર્વ વિદેશમંત્રી એક લગ્નમાં ભાગ લેવા ભારત આવ્યા હતા.તેમના સ્વાગત માટે વિશેષ ભોજનનું આયોજન કરવામાં આવ્યુ હતું.આ ભોજનમાં પુર્વ રાજદુત અને પુર્વ સેનાધ્યક્ષ જોડાયા હતા. ટોચના પત્રકારોને પણ આમંત્રણ અપાયું હતું.તાજેતરમાં પાકિસ્તાનમાં ભારતના રાજદુત શરદ શભરવાલ તથા રાઘવણ જોડાયા હતા.શર્માએ કહ્યુ હતું કે ભોજનમાં ભાગ લેવા કે ભોજન કરવા માટે પરવાનગી લેવી તેવો નિયમ દેશમાં ક્યારથી બન્યો છે.

## ભાજપના નેતાઓ વિકાસની વાત આવે ત્યારે બીજી વાતો કરીને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરે છે : રાહુલ ગાંધી

કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આણંદ ખાતેની જાહેરસભાને સંબોધતા કહ્યુ હતું કે કોગ્રેસે ગુજરાતની જનતાને મળી તેમના મનની વાત જાણીને તેમના પ્રશ્નો અને સમસ્યાઓનો અભ્યાસ કરીને ચુંટણીનો મેનીફીસ્ટો તૈયાર કર્યો છે.જ્યારે છેલ્લા ૨૨ વર્ષથી વિકાસની વાતો કરતી ભારતીય જનતા પાર્ટી અને તેમના નેતાઓ ગુજરાતના વિકાસની વાત આવે ત્યારેબીજી વાતો કરીને લોકોને ગેરમાર્ગે દોરે છે.

કોગ્રેસનું શાસન આવશે તો અમારી સરકાર પેટ્રોલ અને ડીઝલ ઉપર જીએસટી લાગુ પાડવા પ્રયાસ કરશે. અને તેના ભાવ ઓછા થાય તેમ કરશે.લોકોના પૈસા ઉદ્યોગપતિઓને નહીં પરંતુ લોકોને મળે તેવું આયોજન કરશે.



તેમણે કહ્યુ હતું કે રફાઈલ હેલીકોપ્ટરના સોદામાં હિન્દુસ્તાન એરો લિમીટેડ કંપનીને ઓર્ડર આપવાને બદલે મોદીએ ફ્રાંસ જઈને અંબાણીની કંપનીને ઓર્ડર અપાવ્યો જેના પર ૪૫ હજાર કરોડનું દેવું છે.ગુજરાતની જનતા જવાબ માંગે છે કે ચોકીદાર છે કે ભાગીદાર તે સ્પષ્ટ કરે.પાવી,જેતપુર,તારાપુર,લીંબાસી વિગેરે સ્થળોમાં ઝંઝાવાતી પ્રચાર કર્યો હતો.વિવિધ સ્થળોએ કોગ્રેસના મુદ્દાઓ સ્પષ્ટ કર્યા હતા.યુવાઓ અને મહિલાઓ સાથે ચર્ચા પણ કરી હતી

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં રાજનેતાઓની ભાષાબાજી,ભાંડણ લીલા અન જુઠ્ઠાણાઓનું મતદારો પર ભારે આક્રમણ,મતદારોને મુઝવી નાંખે તેમ છે.કોઇપણ રમત હોય કે જંગ હોય તેમાં ખાસ પ્રકારના નિયમો હોય છે.પરંતુ હાલમાં કોઇ નિયમોનું પાલન થતું હોય તેમ લાગતું નથી.એવા પ્રકારના જુઠ્ઠાણાઓ ચલાવવામાં આવી રહ્યા છે તેને જોઇને કોઇપણ નીતિ નિયમોમાં માનનારા લોકોમાં ભારે આક્રોશ વ્યાપી જાય.આ વખતે ચુંટણીમાં વિકાસનો મુદ્દો બાજુ પર ચાલ્યો ગયો છે. માત્રને માત્ર ભાંડણલીલા અને જુઠ્ઠાણાઓની વાર્તાઓ રજુ કરવામાં આવી રહી છે.જેથી પ્રજા તેમાં ભોળવાઇ જાય અને મતદાન કરી દે.કેટલાક એવા મુદ્દાઓ છે જેમાં ખાસ ચાલબાજી દેખાઇ રહી છે. પાકિસ્તાનનું નામ,મોગલોનું નામ વિગેરે એવી રીતે રજુ કરવામાં આવી રહ્યા છે જેના કારણે હિદુત્વનો મુદ્દો પાછળથી ચુંટણીમાં ઘુસેડીને તેને એનકેશ કરી શકાય.ઉચ્ચ હોદ્દાઓ પર બેઠેલા નેતાઓની આવી કપટી રાજનીતિ દેશની લોકશાહી માટે શરમજનક છે. વડાપ્રધાનના મીડીયાએ કેટલાક શબ્દો પકડીને તેને ચુંટણીમાં જીતવા માટેનું મોટુ હથિયાર બનાવ્યું છે.તેમણે ભુતકાળમાં કે અન્ય પ્રસંગોએ કરેલી ગાલીગલોચ તેમને યાદ આવતી નથી.ગાલી ગલોચ કર્યા પછી તેમાંથી ફરી જવાની પણ તેમની કાયરતા પણ તેમનામાં છે તે જોઇને આપણુ મસ્તક શરમથી ઝુકી જાય છે.નિમ્ન સ્તર પર પહોચેલી રાજનીતીથી હવે એવું લાગે છે આવી ચુંટણીઓમાં આજ કરવાનું હોય તો પછી દેશનું ભાવિ એવા લોકોના હાથમાં સોંપવું કે જેઓ તદ્દન હલકી કક્ષાના સ્તરે પહોચેલા છે જે કેવી રીતે દેશનું સારુ ચારિત્ર ઘડી શકશે એ ચિંતાનો વિષય છે.

રાજકારણમાં વ્યંગ વિનોદની વૃત્તિ હોય,રમુજીપણું પણ હોય પરંતુ તેનું સ્તર ઉમદા અને ઉચ્ચ કક્ષાનું હોવું જોઇએ.હાલના રાજકારણીઓ પાસે તેની અપેક્ષા રાખવી વ્યર્થ છે.

## મંતવ્ય

મહિલા પંચના વડા સ્વાતિ માલિવાલે જણાવ્યુ હતું કે દેશની રાજધાનીમાં શરાબ માફિયા બેફામ બન્યા છે.એક ઘટનામાં શહેરના નરેલા વિસ્તારમાં દારુનું રેકેટ ઉઘાડુ પાડવામાં પોલીસ અને દિલ્હી મહિલા પંચને મદદ કરનારી મહિલાને શરાબ માફિયાઓએ માર મારી ,કપડાં ફાડી નાંખીને, નગ્ન પરેડ કરાવી હતી.પરિણામે મહિલા પંચના વડાએ કહ્યુ હતું કે આખી સિસ્ટમ નપુંસક બની ગઇ છે.શરાબ માફિયા કોઇની પણ સાથે ગમેતેવો વ્યવહાર કરી શકે છે.તેમણે કહ્યુ કે મને પણ નગ્ન કરો અને સડક પર ફેકી દો,મારી હત્યા કરો.સિસ્ટમ એટલી પાંગળી અને નપુસંક બની ગઇ છે કે કશું પણ બની શકે છે.પરંતુ મને કોઇનો ડર નથી.પરંતુ સિસ્ટમનું મૌન પરેશાન કરે છે.દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ આ ઘટનાને આઘાતજનક ગણાવી હતી.તેમણે દિલ્હીના લે.ગર્વનર અનિલ બૈજલને હસ્તક્ષેપ કરવા કહ્યુ છે.શરાબ માફિયા સાથે મળીને ધંધો કરતાં સ્થાનિક પોલીસ કર્મચારીઓ સામે પગલાં લેવા વિનંતી કરી છે.

ઉપરના સમાચારો જોતાં કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ગુલબાંગો પોકારતા આપતાં સત્તાધીશો કેટલા બધા નપાણિયા છે કે એક મહિલા દેશની રાજધાનીમાં નગ્ન કરીને ફેરવવામાં આવે,માર મારવામાં આવે અને બધા ૫૬ની છાતી વાળાઓને શરમ જેવુ કંઇ બચ્યુ છે કે નહીં.જ્યાં મહિલાઓનો આદર થાય છે તે સંસ્કૃતિ મહાન કહેવાય છે.આપણી સંસ્કૃતિને લાંછન લગાડતી ઘટનાઓ સત્વરે વ્યવસ્થિત કરવા સત્તાવાળાઓ જાગે તે જરુરી છે.

મનોજ કે. નાયક


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## દલિત સાથે ઇન્ટરકાસ્ટ લગ્ન કરનાર દરેક યુગલને રુ.૨.૫લાખ અપાશે

કેન્દ્ર સરકાર દ્વારા ઇન્ટરકાસ્ટ લગ્ન કરનારાને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવાયા છે. દલિત સાથે ઇન્ટરકાસ્ટ લગ્ન કરનાર દરેક યુગલને સરકાર દ્વારા ૨.૫ લાખની સહાય ચુકવવામાં ાવે છે. કેન્દ્ર સરકારે આવા લગ્ન માટે રુત ૫ લાખની મહત્તમ વાર્ષિક આવકની મર્યાદા રદ કરી છે.કેન્દ્રના આ નિર્ણયથી બીજી જ્ઞાતિમાં લગ્ન કરનાર તમામ વર્ગના લોકોને સરકારની ડો.આંબેડકર સ્કીમ ફોર સોશ્યલ ઇન્ટીગેશન થ્રુ ઇન્ટરકાસ્ટ મેરેજ યોજનાના લાભ આપવામાં આવશે.આવા ઇન્ટરકાટ લગ્ન કરનાર દંપતિને સરકાર રુ. ૨.૫ લાખ આપશે. જો કે આવા લગ્ન કરનાર યુવક કે યુવતીમાંથી કોઇ એક દલિત હોવા જરુરી છે.અત્યાર સુધીમાં આ યોજનાના લાભ વાર્ષિક રુત ૫ લાખથી ઓછી આવક ધરાવનાર દંપતિને જ મળતા હતા.હવે રુ. ૫ લાખથી વધુ આવક ધરાવનારાઓને પણ તેના લાભ મળશે.

આ યોજના સરકાર દ્વારા ૨૦૧૩માં શરુ કરાઇ હતી.જેમાં દર વર્ષે ૫૦૦ આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલને નાણાંકીય સહાય આપવાની જોગવાઇ કરાઇ હતી. લગ્ન કરનાર દંપતિને મળનાર રુ.૨.૫ લાખની સહાયમાંથી તેઓ પોતાનું ઘર અને ઘરવખરી વસાવી શકતાં હતા. આવા આંતરજ્ઞાતિય લગ્ન કરનાર દંપતિના આ પહેલા લગ્ન હોવા જોઇએ અને હિંદુ મેરેજ એક્ટ મુજબ તેનું રજીસ્ટ્રેશન કરાવવું જરુરી હતું.

## અમેરિકાએ જેરુસાલેમમાં પોતાનો દુતાવાસ ખોલ્યો

અમેરિકન રાષ્ટ્રપ્રમુખે પોતાના ચુંટણી પ્રચાર દરમિયાન વચન આપ્યુ હતું કે તેઓ જેરુસાલેમને ઇઝરાયેલની રાજધાની તરીકે માન્યતા આપશે.તેમણે તે વચન આપ્યું હતું કે તેઓ અમેરિકન દુતાવાસને તેલ અવીવથી જેરુસાલેમમાં શિફ્ટ કરશે.પેલેસ્ટાઇન અને આંતરરાષ્ટ્રીય સમુદાયના વિરોધ વચ્ચે ટ્રમ્પે જેરુસાલેમને ઇઝરાયેલની રાજધાની તરીકેની માન્યતા આપવાનું ઐતિહાસિક એલાન કર્યુ છે.ટ્રમ્પના આ પગલાંનો આંતરરાષ્ટ્રીય સ્તરે વિરોધ થયો છે.આ મુદ્દો સંવેદનશીલ છે.અહીંયાં જેરુસાલેમમાં યહુદી,મુસ્લીમો અને ખ્રિસ્તીઓ એમ ત્રણેય ધર્મના લોકો વસે છે અને જેરુસાલેમને પવિત્ર માને છે.અહીં સ્થિત ટેમ્પલ માઉન્ટ કે જે યહુદીઓનું સૌથી પવિત્ર સ્થળ છે.તો અલ-અકસા મસ્જીદને મુસ્લીમો અતિ પવિત્ર માને છે.મુસ્લીમોની માન્યતા પ્રમાણે અલ-અકસા મસ્જીદ જ એ સ્થળ છે જ્યાંથી મહમંદ પયગંબર જન્નતમાં પહોચ્યા હતા. આ ઉપરાતં કેટલાક ખ્રિસ્તીઓ માને છે કે જેરુસાલેમમાં જ ઇસુ ખ્રિસ્તને વધસ્તંભ ઉપર ચઢાવવામાં આવ્યા હતા.અહી આવેલા સપુખર ચર્ચને ખ્રિસ્તીઓ ખુબ પવિત્ર માને છે.એક તરફ ઇઝરાયેલ જેરુસાલેમને પોતાની રાજધાની ગણાવે છે. તો બીજી તરફ પેલેસ્ટાઇન પમ ઇઝરાયેલને પોતના ભવિષ્યના રાષ્ટ્રની રાજધાની કહે છે.સંયુક્ત રાષ્ટ્ર અને દુનિયાના મોટાભાગના દેશો સમગ્ર જેરુસાલેમ પર ઇઝરાયેલના દાવાને માન્યતા આપતા નથી.૧૯૪૮માં ઇઝરાયેલે આઝાદીની ઘોષણા કરી હતી.અને એક વર્ષ પછી જેરુસાલેમના ભાગલા થયા હતા.ત્યારપછ ૧૯૬૭માં ઇઝરાયેલે ૬ દિવસ સુધી ચાલેલા યુધ્ધ પછી પુર્વીય જેરુસાલેમ પર કબજો જમાવ્યો હતો.૧૯૮૦માં ઇઝરાયેલે જેરુસાલેમને પોતાની રાજધાની ગણાવી હતી પરંતુ સંયુક્ત રાષ્ટ્રસુરક્ષા પરિષદે એક પ્રસ્તાવ પસાર કરીને પુર્વીયજેરુસાલેમ પર ઇઝરાયેલના કબજાની નિંદા કરી હતી.આ કારણસર કોઇપણ દેશનો દુતાવાસ જેરુસાલેમમાં નથી.જે પણ દેશ ઇઝરાયેલને માન્યતા આપે છે તેમના દુતાવાસ તેલ અવીવમાં છે.તેલ અવીવમાં ૮૬ દેશોના દુતાવાસ આવેલા છે.હવે અમેરિકાએ જેરુસાલેમાં દુતાવાસ ખોલવાની વાતે લોકોમાં નારાજગી ઉભી થઇ છે.આ વિસ્તારમાં શાંતિ માટે જોખમ સર્જાશે.

## બેન્ક ડિપોઝીટરોના પૈસાથી ભાજપ દેવાળીયાઓને મદદ કરશે : મોઢવાડીયા કોગ્રેસ પુર્વ પ્રદેશ પ્રમુખ

બેન્ક ડિપોઝીટર્સના પૈસાના ઉપયોગથી દેવાળીયાઓને મદદ કરવા માટે ભાજપ સરકાર એફઆરડીઆઇ બિલ લાવી રહી છે.ભાજપના મોટા નેતાઓ હંમેશા બેન્ક ડિફોલ્ટરોના પક્ષમાં રહ્યા છે.૧૫મી ડિસેમ્બરે લોકસભામાં આ બિલ સરકાર સંસદમાં રજુ કરશે જો તે પાસ થશે તો બેન્કના નાણાં ડિફોલ્ટર ન ચુકવે તો આવી બેન્કને ટેકઓવર કરી ડિપોઝીટરના નાંણાનો ઉપયોગ કરીને બેન્કોને ટકાવી રાખવામાં આવશે.બિલમાં આ પ્રકારની જોગવાઇ કરાઇ છે.ડીપોઝીટરના નાણાં પર આ સીધી તરાપ છે.તેમ કોગ્રેસના પુર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતું.

તેમણે આક્ષેપ કર્યો હતો કે ગુજરાતમાં પણ ભાજપની સરકારે એક નેતાને છુટો દોર આપ્યો હતો જેને પગલે બે હજાર કરોડનું માધુપુરા બેન્કનું કૌભાંડ થયું હતું.આ ઉપરાંત ૭૫ બેન્કો ફડચામાં ગઇ હતી.એટલે પાંચ હજાર કરોડ ડુબી ગયા હતા.ગુજરાત સરકારે ડીપોઝીટરોને બચાવવાની જગ્યાએ કેતન પારેખ એન્ડ કંપનીને બચાવવા માટે કામ કર્યુ હતું. ડિફોલ્ટરોને છોડાવવા માટે બેન્કો એફિડેવીટ ન કરે તે માટે ભાજપાના એક નેતાએ ૨.૫ કરોડની લાંચ લીધી હતી.આ અંગે અધિકારીએ રિપોર્ટ આપ્યો તો તેમાં સીબીઆઇ તપાસની માંગનો ઉલ્લેખ હતો પણ આ અધિકારીને જ બદલી દેવામાં આવ્યા હતા.પાછળથી માધુપુરા બેન્કને બેઠી કરવા માટે કેન્દ્ર સરકારે સહાય આપેલી,૩ વર્ષમાં ભાજપ સરકારે ડિફોલ્ટરોના ૧.૫લાખ કરોડ માફ કર્યા છે.ડિફોલ્ટરોને બચાવ્યા છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,

રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ

મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

# રેરાનો વિરોધ કરતી બિલ્ડરો દ્વારા કરાયેલી વિવિધ અરજીઓને બોમ્બે હાઇકોર્ટે ફગાવતાં કહ્યુ કે રેરા ગ્રાહકો માટે યોગ્ય અને લાભકર્તા છે

કેન્દ્ર સરકાર અને રાજય સરકારોને મુંબઇ હાઈકોર્ટે રાહતનો દમ ભરી શકે તેવો આદેશ જારી કર્યો હતો.રેરા(રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એકટ)ની જોગવાઈઓનો વિરોધ કરતી બિલ્ડરો દ્વારા કરાયેલી વિવિધ જનહિતની અરજીઓ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. બોમ્બે હાઈકોર્ટના જસ્ટીસ રાજેર કેતકર અને નરેશ પાટીલ સમક્ષ રાજ્યભરમાં રેરાનો વિરોધ કરતી બધીજ અરજીઓની એક સાથે સુનાવણી કરવામાં આવી હતી.કોર્ટે આ સંદર્ભે કહ્યુ હતું કે રેરા ગ્રાહકો માટે લાભકર્તા છે.જો કે કોર્ટે બિલ્ડરોની પ્રોજેકટ પુરો કરવા સમય લંબાવી આપવાના ભાગ અને એપલેટ ટ્રિબ્યુનલમાં બાબુઓની નિમણુંક ન કરાય એ બે વાત માન્ય રાખી હતી.દરેક આંખનું દરેક આંસુ લુછવું જરુરી છે.ગાંધીજીના આ વાક્યનો ઉલ્લેખ કરતાં કોર્ટે કહ્યુ હતું કે રેરા ગ્રાહકોના હિતમાં હોવાથી એવા કાયદાની જરુર છે. કોર્ટે કહ્યુ હતું કે રેરા કાયદાના સેકસન ૬,૭ અને૩૭ની રેરા ઓથોરીટી દ્વારા ઝીણવટભરી તપાસ બાદ અપવાદરુપ કિસ્સાઓમાં જ બિલ્ડરને પ્રોજેકટ પુરો કરવામાં સમય લંબાવી આપવામાં આવે.

બિલ્ડરો દ્વારા ફલેટ બુકિંગ લીધા બાદ વર્ષો સુધી ફલેટનો કબજો ન અપાતો હોવાથી અનેક લોકોની જીંદગીભરની કમાણી તેમાં ફસાઇ જતી હતી. અથવા અનેક લોકોના મસમોટી લોનના હપ્તા ચાલુ થઈ જતા હતા. પણ ફલેટનો તાબો વર્ષો સુધી મળતો નહોતો.એથી તેમના હિતનું રક્ષણ કરવા કેન્દ્ર સરકારે ૨૫ માર્ચ ૨૦૧૬ના રોજ રેરા કાયદો મંજુર કરાવ્યો હતો.જે હેઠળ દરેક બિલ્ડર કે ડેવલપરે તેનો પ્રોજેક્ટ રેરા હેઠળ નોધાવવો ફરજીયાત બનાવ્યું હતું. એ પછી મહારાષ્ટ્ર સરકારે પણ તેનો અમલ કરવાનું ઠેરવ્યું હતું. જો કે એ પહેલાં જનતાએ મોકલાવેલા ૭૫૦ સુચનોનો પણ વિચાર કરવામાં આવ્યો હતો.આખરે રાજયના મંત્રીમંડળની મંજુરી બાદ ૧ મે,૨૦૧૭થી તેને અમલમાં મુકવામાં આવ્યો હતો.

# દેશમાં સમાન સિવિલ કોડ શકય નથી તેમજ તેના માટે કોઇ વિકલ્પ નથી : કાયદાપંચ ના ચેરમેનની રજુઆત

ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં દેશમાં સમાન સીવીલ કોડ લાવવાના અભરખા પર કાયદાપંચના ચેરમેને પાણી ફેરવી દીધું છે.કાયદા પંચના ચેરમેન જસ્ટીસ બલબીરસિંહ ચૌહાણે જણાવ્યુ હતું કે દેશમાં સમાન સીવીલ કોડનો અમલ શક્ય જ નથી. અને તે માટે વિકલ્પ પણ નથી.તેમણે એક મુલાકાતમાં કહ્યુ હતું કે પર્સનલ લોને ક્યારેય રદ કરી શકાય નહીં કારણ કે બંધારણ દ્વારા તેને રક્ષણ મળેલું છે.થોડા મહિના પહેલાં દેશમાં જ્યારે ટ્રિપલ તલાકના મુદ્દે જાહેર ચર્ચાએ વેગ પકડ્યો હતો ત્યારે સમાન સીવીલ કોડનો મુદ્દો પણ ચગ્યો હતો.૨૧માં કાયદા પંચ દ્વારા હવે સમાન સીવીલ કોડનો આઈડીયા પડતો મુકવામાં આવ્યો છે અને કેટલાક પર્સનલ લોને લગતા કાયદામાં સુધારા કરવા વિચારાયું છે.

હિંદુ લો,મુસ્લીમ લો,ક્રિશ્ચિયન લો અને પારસી લો વગેરેમાં કેવા સુધારા કે ફેરફારો કરી શકાય તે અંગે જુદા જુદા સુચનો કરાશે.દરેક ધર્મના પ્રશ્નોને સમજીને તેના યોગ્ય ઉકેલ લાવવા માટે પંચ દ્વારા ભલામણો કરાશે. આ મામલે પંચ બંધારણની અવગણના કરી શકે નહીં કે તેની મર્યાદા ઓળંગીને નિર્ણય લઈ શકાય નહીં આથી સમાન સવિલિ કોડને સંકલિત કરી શકાય નહીં.

ટ્રિપલ તલાકનો ચુકાદો પર્સનલ લોમાં ન્યાયતંત્રની દખલગીરી ગણાય કે નહીં તેવા પ્રશ્નના જવાબમાં ચૌહાણે કહ્યુ હતું કે દરેક પર્સનલ લો એ પોતાની રીતે પવિત્ર છે જેની સાથે કોઈપણ વ્યક્તિ ચેડા કરી શકે નહી. પર્સનલ લો એ બંધારણના આર્ટીકલ ૨૫નો હિસ્સો છે અને તેથી તેને કયારેય રદ કરી શકાય નહીં. બંધારણનો ભંગ કરતો કોઈપણ કાયદો હોય તો તે રદબાતલ ઠરે છે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# ૩,૬૦,૯૧૨ કરોડની લોન સરકારી બેન્કોએ ખોટ ખાતે ચઢાવી દીધી

ભારતની સરકારી બેન્કોએ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રથમ છ માસમાં ૫૫૩૫૬કરોડ રુપીયાની લોન અભરાઇ પર ચઢાવી દીધી છે.આ ખુલાસો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા પાસેથી માહિતી અધિકાર હેઠળ મેળવેલી જાણકારીથી થયો છે.જો છેલ્લા દસ વર્ષના આંકડા પર નજર નાખીંએ તો જાણવા મળે છે કે સરકારી બેન્કોએ લગભગ ૩લાક ૬૦ હજાર કરોડ રુપીયા અભરાઈ પર ચઢાવી દીધા છે.સરકારી બેન્કોના કરજદારોમાં કેટલાય કોર્પોરેટ પરિવાર, ફર્મ,અને મોટા બિઝનેસમેન સામેલ છે.આરટીઆઇ દ્વારા મળેલી જાણકારી પ્રમાણે બેન્કોએ નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ એટલે કે નવ વર્ષમાં ૨,૨૮,૩૫૩ કરોડ રુપીયા ખોટ ખાતે નાંખી દીધા છે.આ નાણાંકીય વર્ષમાં રાઈટઓફ, એટલેકે અભરાઈએ ચડાવીી દેવામાં આવેલી રકમ ગયા વર્ષની ૩૫૯૮૫ કરોડના મુકાબલે ૫૪ ટકા વધારે છે.બેન્કો દ્વારા એનપીએ એસેટને રાઈટ ઓફ કરવાની એક સામાન્ય પ્રક્રિયા છે.

વિશ્વના પ્રથમ મહીલા પ્રધાનમંત્રી બનવાનું ગૌરવા શ્રીલંકાના શ્રીમતી ભંડારનાયકને મળે છે.

દરિયાઇ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઈનર હતું.

# બેન્કોની એનપીએની જવાબદારી હવે ગ્રાહકોના માથે ઠોકી બેસાડાશે

બેન્કોના બચત ખાતામાં ગ્રાહકોએ રોકેલા નાંણાને રક્ષણ આપવાને બદલે સરકાર બેન્કોની એનપીએની જવાબદારી ગ્રાહકોને માથા પર ઠોકી બેસાડશે.રાષ્ટ્રીયકૃત બેન્કોમાં એનપીએ વધવાનું કારણ એ છે કે બેન્કોના અધિકારીઓએ ભ્રષ્ટાચાર આદરીને બેફામ ધિરાણ કર્યુ જે પરત નહી આવી શકતું હોવાને કારણે તેની જવાબદારી ગ્રાહકો પર ઠોકી બેસાડવાનો કારસો સરાર દ્વારા ઘડાઈ રહ્યો છે.બેન્કો માંદી પડવાના કારણો બેન્કોના જવાબદાર અધિકારીઓ અને લોન લેનારા ઉદ્યોગપતિઓ જેવા કે માલીયા જે બેન્કોનું કરજ લઈ વિદેશમાં છટકી ગયા છે તે નાણાં પરત ના આવે તો તેની જવાબદારી ગ્રાહકોના શીરે રહેશે.આવા ફસાઈ ગયેલા નાણાં પરત નહીં આવે પરંતુ જેમણે બચત ખાતામાં નાણાં રોકેલા છે તે કેટલા પરત કરવા તે સરકાર નક્કી કરશે.

આ નવા કાયદામાં સૌથી ખતરનાક જોગવાઈ કાયમી નોટબંધીની છે. અત્યારે બેન્કો માંદી પડે તો સરકાર તેની તિજોરીમાંથી નાંણા આપીને ઉગારે છે.પરંતુ આ કાયદો અમલમાં આવ્યા પછી બેન્કોની એનપીએની સમસ્યા ઉભી થાય તો નવું રિઝોલ્યુશન કોર્પોરેશન નક્કી કરશે કે બેન્કના ખાતામાંથી ગ્રાહકે ડિપોઝીટ કરેલાં નાણાંમાંથી તે કેટલા નાંણા ઉપાડી શકશે.

દાખલા તરીકે અત્યારે હાલમાં તમારા બેન્કના સેવિગ્સ એકાઉન્ટમાં એક લાખ રુપીયા છે.જે તમે ઈચ્છો ત્યારે ઉપાડી શકો છો. પરંતુ નવો કાયદો આવ્યા પછી રિઝોલ્યુશન કોર્પોરેશન નક્કી કરશે કે આર્થિક સંકટમાં ગ્રાહકોને તેમના ખાતામાંથી કેટલા નાંણા ઉપાડવાની પરવાનગી અપાય અને તેમની કેટલી બચત બેન્કોના એનપીએના નિકાલમાં વાપરવામાં આવે. કેન્દ્ર સરકાર સંસદ ના શિયાળુ સત્રમાં ફાઈનાનશિયલ રિઝોલ્યુશન એન્ડ ડિપોઝીટ ઈન્સ્યોરન્સ બિલ લાવવાની તૈયારી કરી છે.

ખરેખર બેન્કોની એનપીએ વધવા પાછળની જવાબદારી બેન્કોના અધિકારીઓની છે.તેથી તેમની તમામ મિલ્કતો જપ્ત કરી તેમના હક્કના નાંણા જપ્ત કરી એનપીએ ખાતે વસુલવામાં આવે તેવો કાયદો કરવાની જરુરીયાત છે. ગ્રાહકોને દંડવાથી લોન લેનાર અને લોન આપનાર બેઉને તો બેઉ હાથમાં લાડુ આપવાનો કાયદો છે. ભ્રષ્ટાચાર નાબુદ કરવાની જવાબદારી સરકારની છે. બેન્કના ખાતામાં જમા નાણાંની ગેરંટી હવે નાબુદ થઈ જશે.

કેન્દ્ર સરકાર નવો એફઆરડીઆઈ કાયદો અમલમાં આવતાં જ પ્રવર્તમાન કાયદા અંતગર્ત મળતી ડીપોઝીટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી સમાપ્ત થઈ જશે.હાલ ગ્રાહકોને અલગ અલગ બેન્કોમાં જમા તેમના નાણાંની ગેરંટી આ કાયદા દ્વારા જ મળે છે. આ કાયદાનીં ક મહત્વની જોગવાઈ એ છે કે જો બેન્ક માંદી પડે અને તેને દેવાળીયું ઘોષિત કરાય તો બેન્કે ગ્રાહકોને ફરજીયાત એક લાખ રુપીયા સુધીની થાપણ પ રત કરવી પડે છે. આ કાયદાના કારણે દેશની હાલની બેન્કીંગ વ્યવસ્થા સૌથી સુરક્ષિત મનાય છે. પરંતુ તે નાબુદ થઈ જતાં બેન્કના ખાતામાં પડેલા નાણાંની કોઈ ગેરંટી રહેશે નહીં. આ કાયદાના કારણેજ ગ્રાહકોને વિશ્વાસ છે કે તેમના નાણાં ડુબી નહીં જાય.

ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઈન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઇએ

જગતની દરેક વ્યક્તિને બીજા કરતાં શ્રેષ્ઠ બનવું છે. દરેક વ્યક્તિને શ્રેષ્ઠ વસ્તુની જ અપેક્ષા રહેતી હોય છે.આપણે ગુલાબના બગીચામાંથી પણ શ્રેષ્ઠ ફુલ શોધીને જ ચુંટીએ છીએ. આપણી જીવન જરુરીયાતની પણ વસ્તુઓ જે સારામાં સારી હોય તે પસંદ કરતાં હોઇએ છીએ. એનો અર્થ એ થાય છે કે, દરેકને જે શ્રેષ્ઠ છે એ જ ગમે છે.ધારો કે બધુ જ શ્રેષ્ઠ હોય તો એમાંથી જે સર્વશ્રેષ્ઠ હોય, એ મેળવવાનો પ્રયત્ન કરતાં હોઇએ છીએ. કોઇને ખરાબ થવું કે, ખરાબ વસ્તુ ક્યારેય ગમતી નથી.એમાંથી જ એક બીજો પ્રશ્ન પણ ઊભો થાય છે. જે શ્રેષ્ઠ છે, એ તો શ્રેષ્ઠ જ રહે છે. સોનું તો સોનું જ રહેશે, એ પિત્તળ બનશે નહીં.સિંહ તો સિંહ જ રહેવાનો,એ કુતરો થઇ જશે નહી.આખરે, આપણે પણ સર્વશ્રેષ્ઠ આરાધના કરનારા લોકો છીએ.એવું જ થવું કરવું જોઇએ.જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઇએ. આપણે જાણીએ છીએ કે માણસ એક પ્રાણી છે,પણ એ બધા પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.એનું કારણ એ જ છે કે માણસ બુધ્ધિજીવી પ્રાણી છે.શ્રેષ્ઠ હોવાની પરંપરા સતત ચાલતી જ રહે છે. બુધ્ધિશાળીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. એ બધામાં સર્વશ્રેષ્ઠ તો બ્રહ્મજ્ઞાની છે એવું પણ કહેવાયું છે.

સર્વશ્રેષ્ઠ - સર્વી -વિ(સં) બધુ, સઘળું, સર્વશ્રેષ્ઠ -સર્વીમાં શ્રેષ્ઠ એવો અર્થ થાય છે. વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ધન ક્યુ ? તો નીતિશતમાં આવે છે કે' વિદ્યાધન' એ સર્વશ્રેષ્ઠ ધન છે,અન્ય ધન તો આવે ને જાય, પણ વિદ્યાધનમાં ક્યારેય ઘટ આવતી નથી, એ વાપરો એ પ્રમાણે વધતું જ રહે છે.જે સમાજ સર્વશ્રેષ્ઠ વિદ્વાનોનો આદર સત્કાર કરતો નથી, એ નગુણો ગણાય છે. સત્તા કે પદ તો આજે છે,કાલે નહી હોય, પણ જે સર્વશ્રેષ્ઠ છે, એ માણસની વિદ્વતા છે. વિદ્વાનોનું કામ માર્ગ ચીંધવાનું છે. જે જ્ઞાની છે એ શ્રેષ્ઠ છે.જ્ઞાનીઓમાં પણ જે આચરણ કરનાર, તે સર્વશ્રેષ્ઠ છે.માણસની શ્રેષ્ઠ વૃત્તિ જ એને સર્વશ્રેષ્ઠ બનાવતી હોય છે.આપણી દાનત જ ખારા ટોપરા જેવી હોય તો સર્વશ્રેષ્ઠતા ક્યાંથી પ્રાપ્ત થવાની છે ?જે માત્ર ઉપદેશ આપે છે અને આચરણ કરતો નથી એનો સમાજ સ્વીકાર કરતો નથી.એ એની જાતને ભલે સર્વશ્રેષ્ઠ માનતો હોય, પણ એનો અસ્વીકાર જ થતો હોય છે.જે માણસ ઉપદેશ આપતો નથી, પણ પોતાના કાર્યમાં જ રચ્યોપચ્યો રહે છે. જે સાચા અર્થમાં જે માને છે એનું આચરણ કરે છે એ જ સર્વશ્રેષ્ઠ ગણાય છે.

ગુરુ એ આપણા માટે સર્વશ્રેષ્ઠ છે.એની બરાબરી કરી શકે એવું કોઇ જ નથી.જેની ઉંચાઇની તોલે કોઇ આવી શકે નહી.એ બધામાં સર્વશ્રેષ્ઠ કહેવાય.આપણે ત્યાં પણ જે ઉત્તમોત્તમ હોય એની જ પુજા થતી હોય છે.પણ જ્યારે શ્રેષ્ઠતાનું અપમાન થતુ હોય ત્યારે આપણે ને ભારોભાર દુઃખ થતુ હોય છે.શ્રેષ્ઠ વ્યક્તિની નીચ વ્યક્તિઓના ત્યાં કાર્યની નિયુક્તિ, સારા સારા અનુરાગના કાર્યોમાં આસક્તિ,દુર્જનો સાથેનો સહવાસ એ બધાનું ખુબજ દુઃખ થાય છે.જ્યાં શ્રેષ્ઠતાનું અપમાન થતું હોય, જ્યાં તે ધુળમાં રગદોળાતી હોય ત્યાં માણસને એનું દુઃખ થાય એ સહજ છે. સાચો માણસ તો એ છે કે જે બીજા માટે મરી ફીટે છે. બીજાના ભલા માટે જે પોતાના પ્રાણની આહુતિ આપે છે. એના પાળીયા પુજાય છે.બીજાનું પડાવી લેવાની દાનતવાળા ક્યારે શ્રેષ્ઠ કે સર્વશ્રેષ્ઠ બની શકતા નથી.સર્વશ્રેષ્ઠ વૃત્તિ જ માનવને માનવ બનાવે છે. કવિ સુંદરમે તો કહ્યું છે :' હું માનવી માનવ થાઇ તો ઘણું ' ભાઇ, તમારે જે બનવું હોય તે બનજો, પણ પ્રથમ માનવ તો બનો. તમો માનવ બનો એ જ તમારી સર્વશ્રેષ્ઠતા છે.

આપણને શ્રેષ્ઠ-અશ્રેષ્ઠના ભેદની પણ સમજ હોવી જોઇએ. ક્યારેક એવું બને કે , જે મારા માટે શ્રેષ્ઠ હોય એ બીજા માટે ન પણ હોય. હું જે જગતમાં સર્વશ્રેષ્ઠ માનતો હોઉ, એ બીજા માટે શક્ય ન બનતું હોય, પણ જે સૌને સ્વીકાર્ય હોય એ શ્રેષ્ઠતાની અહીં આપણે વાત કરીએ છીએ.શાંતિથી મોટો કોઇ ભાઇ નથી.સત્યથી આગળ કોઇ તપ નથી.મોક્ષથી વધીને કોઇ લોભ નથી.આ બધાંજ પોતપોતાના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ છે.એની તુલનામાં બીજું કશું જ આવી શકતું નથી.માણસને મનની શાંતિ હોય, જીવને કોઇ ઉચાટ ન હોય, એનાથી સર્વોત્તમ બીજું શું હોઇ શકે ?સત્યથી અધિક તપ ક્યું હોઇ શકે?અનેક પ્રકારના લોભ-લાલચો હોય છે એમાં મોક્ષના લોભની તોલે શું આવી શકે ?મુર્ખ માણસો પથ્થરના ટુકડારુપી હીરાને રત્નસંજ્ઞાથી ઓળખે છે. પથ્થરનો ટુકડો એ શ્રેષ્ઠ નથી. એ ખાઇ કે પી શકતો નથી.પણ ઉત્તમ વિચારો,ઉત્તમ જળ, અને ઉત્તમ અન્નથી જ માણસ જીવી શકે છે. જે જીવન આપીને ટકાવે છે એનાથી સર્વશ્રેષ્ઠ બીજુ શું હોઇ શકે ?નદીનું પાણી વહેતું હોય તો શ્રેષ્ઠ છે.એ જ રીતે આપણા જીવનનું પણ છે. સૌમાં શ્રેષ્ઠ શું હોઇ શકે ?સંસ્કૃતમાં કોઇએ કહ્યું છે કે ઉપકાર કરવો સૌથી મોટો ધર્મ છે.કર્મદક્ષતા સૌથી મોટો અર્થ છે.સુપાત્રને દાન કરવું એ સૌથી મોટી તૃપ્તિ છે. અને વૈરાગ્ય સૌથી મોટી મુક્તિ છે.આ બધીજ બાબતો સર્વશ્રેષ્ઠ છે.આપણા પર જે અપકાર કરે, એના પ્રત્યે પણ ઉપકારની ભાવના રાખવી એ સર્વશ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગણાય છે. એ જ માણસ તરીકે આપણો સાચો ધર્મ છે.

માણસ કે સંસ્થાને ઓળખીને, સુપાત્ર છે કે કુપાત્ર છે,એનો ભેદ પારખીને દાન કરવામાં આવે તો એ યોગ્ય રીતે વપરાય છે.આ શ્રેષ્ઠતા જ માણસને ઉચ્ચ આસને બેસાડતી હોય છે.શ્રેષ્ઠ હોવું અને શ્રેષ્ઠ હોવાનો દંભ કરવો એ બે બાબતો અલગ છે.કોઇના માટે કંઇ કરીએ એમાં ભારોભાર નમ્રતા હોવી જોઇએ. જે માણસનો ડાબો હાથ દાન કરે, અને જમણાને ખબર ના પડે, એ સર્વશ્રેષ્ઠ કહેવાય.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

## જાણવા જેવું !

જહોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઇ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઇ શકે છે.

# આંતરધર્મી લગ્નમાં પત્નીને પોતાનો ધર્મ પાળવાની છુટ છે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે એક મહત્વનો ચુકાદો આપતાં જણાવ્યુ હતું કે કોઇ કાયદો એવી મંજુરી આપતો નથી કે આંતરધર્મી લગ્ન બાદ પતિનો ધર્મ મહિલાનો ધર્મ બની જાય છે.ચીફ જસ્ટીશ દિપક મિશ્રાના નેતૃત્વ હેઠળની બેન્ચે એક પારસી મહિલાના કેસની સુનાવણી કરી રહી હતી. બંધારણીય બેન્ચે સમક્ષ એ સવાલ હતો કે જો કોઇ પારસી મહિલા અન્ય ધર્મી પુરુષ સાથે લગ્ન કરે તો તે પારસી તરીકેની ધાર્મિક ઓળખ ગુમાવી દે છે કે કેમ ? સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે દેશમાં સ્પેશીયલ મેરેજ એક્ટ અમલમાં છે જે બે અલગ ધર્મની વ્યક્તિને લગ્નની અને આગવી ધાર્મિક ઓળખ જાળવી રાખવાની પરવાનગી આપે છે.મહિલા જ પોતે ક્યા ધર્મને અનુસરવું તેનો નિર્ણય લઇ શકે છે. જો સ્પેશીયલ મેરેજ એક્ટ અંતગર્ત લગ્ન થયા હોવા જરુરી નથી કે મહિલા તેના પતિના ધર્મને જ અપનાવે

# મહિલા કલ્યાણમાં ઉદાસીનતા માટે ગુજરાત સરકારનો સુપ્રીમ કોર્ટે ૨ લાખનો દંડ ફટકાર્યો

મહિલાઓના કલ્યાણ માટે કાર્યો નહીં કરવા એ તેમના ઉત્કર્ષ માટે રસ નહી દાખવનાર રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થાય છે.ગુજરાત સહિત ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સુપ્રીમ કોર્ટે રુ ૨ લાખનો દંડ ફટકાર્યો હતો.સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કેન્દ્રના મહિલા અને બાળવિકાસ મંત્રાલયના પત્રનો જવાબ નહી આપનાર ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને દરેકને રુ.૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.આ સંદર્ભમાં તમામ દંડિત રાજ્યોને તેમની માહિતી એક અઠવાડીયામાં મોકલી આપવા આદેશ કરાયો છે.સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ,ગુજરાત,ઉત્તરાખંડ,કર્ણાટક, મિઝોરામ,આસામ, હિમાયલ પ્રદેશ,જમ્મુ કાશ્મીર,પંજાબ,તામિલનાડું, અરુણાચલ પ્રદેશ, દાદરા નાગરહવેલીને દંડ કરાયો છે.

સુપ્રીમ કોર્ટે રાજ્યોને ઝાટકતાં કહ્યુ હતું કે જો રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પાસે મહિલાઓની સુરક્ષા કે કલ્યાણના કામે માટે પત્રનો જવાબ આપવા માટે પાંચ મીનીટનો સમય પણ ના હોય તો તે મહિલાઓને ન્યાય આપવાની તરફેણમાં મોટા મોટા નિવેદનો કરવાની કે રજુઆત કરવાનો કોઇ અર્થ નથી.

# સૈનિકો માટે વન- રેન્ક -વન પેન્શન લાગુ નહીં કરીને ભાજપે દેશના સૈનિકો સાથે વિશ્વાસઘાત કર્યો છે : એક્સ મેજર જનરલ સતબીરસિંહ

કેન્દ્રની ભાજપ સરકારે દેશના સૈનિકો માટે વન રેન્ક વન પેન્શન લાગુ નહીં કરીને દેશના સૈનિકો અને પુર્વ સૈનિકો સાથે દગો-વિશ્વાસઘાત કર્યો છે. વન રેન્ક વન પેન્સનની માંગ કરી રહેલા સૈનિકોએ ૮૭૦ દિવસ સુધી જંતરમંતર પર વિરોધ પ્રદર્શિત કર્યો હતો તો સરકારે લાઠીઓ ચલાવી,દમન ગુજાર્યો. શહીદની વિધવા સાથે પોલીસે અભદ્ર વ્યવહાર કર્યો. અત્યાર સુધીમા ૩૨ હજારથી વધુ પુર્વ આંદોલનકારી સૈનિકોએ પોતાના યુધ્ધ પદકને પરત આપી દીધા છે.છતાં વડાપ્રધાન સૈનિકોની વ્યથા સાંભળી નથી તેમ ઇન્ડીયન એક્સ. સર્વીસમેન મુવમેન્ટ તથા યુનાઇટેડ એક્સ સર્વિસમેન મુવમેન્ટના ચેરમેન મેજર જનરલ સતબીર સિંહે જણાવ્યુ હતું.તેમની સાથે હાજર રહેલા સૈનિકોએ તેમની વ્યથા ઠાલવતા કહ્યુ હતું કે કેન્દ્રની ભાજપ સરકારે શહીદ સૈનિકો અને તેમના પરિવાર માટે રાશન-કફન અને શિક્ષણ ખર્ચ પર કાપ મુકી દીધો છે.શહીદોના વિધવાની ભાજપને હાય લાગશે.

સતબીરસિંઘે કહ્યુ હતું કે તત્કાલીન યુપીએ સરકારે ૨૦૧૪માં વન રેન્ક વન પેન્શન યોજનાનો સ્વીકાર કર્યો હતો.પછી આવેલી ભાજપ સરકારે આ નીતિ અપનાવી નહીં.કેન્દ્રની ભાજપ સરકારે નોટીફીકેશન બહાર પાડીને ત્રણેય સેનાના ૪૦ ટકા સૈનિકોને વન રેન્કપેન્સન આપવાની ના પાડી હતી.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૩૫૩૮૩૩૨૨

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક:
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.